આંક :

દાખલ તારીખ :૧૦/૨/૨૦૧૦

નોંધ્યા તારીખ :૧૦/૨/૨૦૧૦

ફેસલ તારીખ :૧૫/૬/૨૦૨૬

**રાજકોટનાં મ્હે. ૨૦ માં એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં.**

---

**ફોજદારી કેસ નં.૨૨૨૩/૨૦૧૦**

**શ્રી સરકાર ..... ફરિયાદી**

**-: વિરૂધ્ધ :-**

**વિમલ મનસુખભાઈ પટેલ**
રહે.ચંદ્રપાર્ક શેરી નં.૧૮,
બી બજારની પાછળ,
રાજકોટ. ..... **આરોપી**

**ગુનો :- ઈ. પી. કોડની કલમ-૪૦૬, ૪૧૯, ૪૨૦, ૧૨૦બી, ૪૬૭, ૪૬૮, ૪૭૦, ૪૭૧ મુજબ.**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**ફરિયાદપક્ષ તર્ફે :- વિ. એ.પી.પી.શ્રી એચ.એસ.રાંક**
**બચાવપક્ષ તર્ફે :- વિ. વકીલ શ્રી જે. જે. તેરૈયા**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

## -: ચુ કા દો :-

૧. ફરિયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, તા.૦૩/૧૧/૦૯ ના શ્રીનાથ મોટર્સ પ્રા. લી. ગોંડલ હાઈવે ચોકડી રાજકોટ મુકામે આરોપીએ પુર્વ યોજીત કાવત્રુ રચી, ધીરજલાલ પરસોતમભાઈ પેઢડીયા નું પાનકાર્ડ તથા રેશન કાર્ડ ની ઝેરોક્ષ મેળવી, પાનકાર્ડ ઉપર પોતાનો ફોટો ચોટાડી, ઈન્ડીયન બેન્ક રાજકોટ શાખામાં આરોપીએ પોતે ધીરજલાલ ના નામનું ખાતુ ખોલાવી, ચેક બુક મેળવી તથા ફરિયાદીની શ્રીનાથ મોટર્સ પ્રા. લી. કંપની મા જઈ પોતે ધીરજલાલ ના નામે ડી.પી.પેઢડીયા ની ખોટી સહી ચેક નં.૮૫૬૦૦૩, કિંમત રૂા.૩,૯૪,૪૬૮/- નો બોગસ આપી, કંપની માંથી સેન્ટ્રો નવી કાર છળકપટ થી વિશ્વાસમાં લઈ ખોટા નામે બીલ, ઓર્ડર ફોર્મ તથા ડીલીવરી કમ ગેઈટ ઉપર ખોટી સહી આરોપીએ ઈ. પી. કોડની કલમ-૪૦૬, ૪૧૯, ૪૨૦, ૧૨૦બી, ૪૬૭,૪૬૮, ૪૭૦, ૪૭૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલની ફરિયાદ ફરિયાદીએ રાજકોટ પો.સ્ટે. માં નોંધાવેલ છે. જે ફરિયાદીની ફરિયાદના આધારે, પોલીસ સ્ટેશનના અધિકારીએ ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની કલમ -૧ ૫૪મી કલમની રૂએ પોલીસ થાણા ઉપર આપેલી કોગ્નિઝેબલ ગુન્હાની પહેલી ખબર(એફ.આઈ.આર.) રાજકોટ તાલુકા પો. સ્ટે. ફ.ગુના રજી. નં. ૩૧૬ /૦૯ થી નોંધી આરોપી સામે ઉપર મુજબનો ગુનો દાખલ કરેલ છે.

૨. આ કામે આરોપી સામે ઉપર મુજબના ગુના અંગે ફરિયાદી ની ફરિયાદ દાખલ થતા, ફરિયાદના આધારે તેની તપાસ, તપાસ કરનાર અમલદારે કરી, સંબધિત જગ્યાના પંચનામા કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોં

ધી, આરોપીઓ સામે પૂરતો પુરાવો મળતા તપાસ કરનાર અધિકારીએ તપાસના અંતે નામદાર ચીફ જ્યુડી. મેજી. કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે. જે હાલના ફોજદારી કેસ નંબરથી નોંધાયેલ છે. ત્યારબાદ આ કામ નામદાર ચીફ જ્યુડી. મેજી. કોર્ટના હુકમથી અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થઈને આવેલ છે.

૩. હાલનુ ચાર્જસીટ અત્રેની કોર્ટમાં આવતા, આરોપીને સમંસ કરવામા આવેલ પરંતુ આરોપી મળી આવેલ નથી. ત્યારબાદ આંક–૧ નીચે આ કામે કરેલ હુકમ મુજબ, એ.પી.પી. શ્રી સાંભળ્યા. ફોજદારી કેસનું અસલ રેકર્ડ ધ્યાને લીધુ. સદર કામે આરોપી ઘણા લાંબા સમયથી ગેરહાજર રહે છે. કેસ ઘણો જુનો છે. આરોપીને પકડ વોરંટ તથા જામીનદારને નોટિસ કાઢવા છતા આરોપી કે જામીનદાર મળી આવતા નથી સમન્સ વોરંટની બજવણી થતી નથી, તેવા સંજોગોમાં કેસ ઘણો જુનો  છે. સદરહુ આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી કોઈ શકયતા જણાતી નથી અને તેની ગેરહાજરીના કારણે પરિણામે કેસની કાર્યવાહીમાં વિલંબમાં પડેલ છે, તેથી આ તમામ સંજોગોને લક્ષમાં લઈ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ– ૨૯૯(૧) અન્વયે સદરહુ આરોપીની ગેરહાજરીના પરિણામે કેસની કાર્યવાહી વિલંબમાં ન પડે તે હેતુથી કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

૪. ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

## -: <u>મૌખીક પુરાવો</u> :-

| <u>ક્રમ</u> | <u>વિગત</u> | <u>આંક</u> |
|---|---|---|
| ૧ | ફરિયાદી સાહેદ નિલેશભાઈ અશ્વીનભાઈ દવે ની જુબાની | ૩૨ |
| ૨ | સાહેદ જીતેન્દ્ર લાલજીભાઈ રાઠોડ ની જુબાની | ૩૯ |
| ૩ | સાહેદ મયુર રમણીકલાલ વાઘેલા ની જુબાની | ૪૦ |
| ૪ | બેન્ક સાહેદ યોગેશભાઈ કેશવભાઈ બરવાડીયા ની જુબાની | ૫૨ |

## -: <u>દસ્તાવેજી પુરાવો</u> :-

| <u>ક્રમ</u> | <u>વિગત</u> | <u>આંક</u> |
|---|---|---|
| ૧ | રેશન કાર્ડની નકલ | ૩૩ |
| ૨ | પાનકાર્ડની નકલ | ૩૪ |
| ૩ | ચેક રીટર્ન મેમો | ૩૫ |
| ૪ | ફરિયાદ | ૪૧ |
| ૫ | ફેમિલી ફોટો | ૪૨ |
| ૬ | ઈન્ડીયન બેન્કનો ચેક | ૪૩ |
| ૭ | પાનકાર્ડની નકલ | ૪૪ |
| ૮ | રેશનકાર્ડની નકલ | ૪૫ |
| ૯ | ડીલીવરી રિપોર્ટ | ૪૬ |
| ૧૦ | આરોપીએ આપેલ પત્ર | ૪૭ |
| ૧૧ | ઓર્ડર બુકીંગ ફોર્મ | ૪૮ |
| ૧૨ | ટેક્ષ ઈન્વોઈસ બીલ | ૪૯ |

| | | |
|---|---|---|
| ૧૩ | ઈન્સ્યોરન્સ પોલીસી | ૫૦ |
| ૧૪ | ઓર્ડર ડીસ્કાઉન્ટ ફોર્મ, ચેક રીસીપ્ટ, આર.ટી.ઓ. સેલ લેટર , ડેબીટ નોટ | ૫૧ |
| ૧૫ | બેન્કમા લખી આપેલ પત્ર | ૫૩ |
| ૧૬ | બેન્ક ધ્વારા લખાયેલ પત્ર | ૫૪ |
| ૧૭ | ચેક રીટર્ન મેમો | ૫૫ |

**૫.** ઉપર મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ પડેલ પુરાવાને આધારે આ કામના આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા બાબતે આરોપી મળી આવતા ન હોય ક્રી.પ્રો.કોડ ની કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં કેસ ચલાવવાનો હુકમ થયેલ હોય, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**૬.** ફરિયાદપક્ષે રજૂ થયેલ ઉપરોકત તમામ મૌખીક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા ઘ્યાને રાખતા આ કેસના ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**મુ દા ઓ :–**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે,તા.૦૩/૧૧/૦૯ ના શ્રીનાથ મોટર્સ પ્રા. લી. ગોંડલ હાઈવે ચોકડી રાજકોટ મુકામે આરોપીએ પુર્વ યોજીત કાવત્રુ રચી, ધીરજલાલ પરસોતમભાઈ પેઢડીયા નું પાનકાર્ડ તથા રેશન કાર્ડ ની ઝેરોક્ષ મેળવી, પાનકાર્ડ ઉપર પોતાનો ફોટો ચોટાડી, ઈન્ડીયન બેન્ક રાજકોટ શાખામાં આરોપીએ પોતે ધીરજલાલ ના નામનું ખાતુ ખોલાવી, ચેક બુક મેળવી તથા ફરિયાદીની શ્રીનાથ મોટર્સ

પ્રા. લી. કંપની મા જઈ પોતે ધીરજલાલ ના નામે ડી.પી.પેઢ ડીયા ની ખોટી સહી ચેક નં.૮૫૬૦૦૩, કિંમત રૂા.૩,૯૪,૪૬૮/- નો બોગસ આપી, કંપની માંથી સેન્ટ્રો નવી કાર મેળવી લઈ છળકપટ થી વિશ્વાસમાં લઈ ખોટા નામે બીલ, ઓર્ડર ફોર્મ તથા ડીલીવરી કમ ગેઈટ ઉપર ખોટી સહી કાર મેળવી લઈ આરોપીએ ઈ. પી. કોડની કલમ-૪૦૬, ૪૧૯, ૪૨૦, ૧૨૦બી, ૪૬૭,૪૬૮, ૪૭૦, ૪૭૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

૧. નકારમા.

૨. આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

૮. ઉપરોકત મુદ્દાના જવાબો માટેના મારા કારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧ :-**

૯. ફરિયાદ પક્ષે આંક-૩૨ થી ફરિયાદી નિલેશ હશ્વીનભાઈ દવે સોગંદ પર જુબાનીમા જણાવે છે કે, હુ સને ૨૦૦૭ થી ૨૦૧૪ સુધી શ્રીનાથ મોટર્સ પ્રા લી માં સેલ્સ મેનેજર તરીકે સર્વીસ કરતો હતો. તારીખ ૦૩-૧૧-૦૯ ના રોજ અમારા શો રૂમ પર ધીરજલાલ પરસોતમભાઈ પેઢેડીયા સેન્ટ્રો ગાડી જોવા માટે આવેલા હતા અને તેઓ મારા સેલ્સ એકઝીકયુટીવ અલી અસગર ને મળેલા અને તેઓને જણાવેલ કે તેઓને સેન્ટ્રો ગાડી લેવી

છે પરંતુ તેઓ ચેક પર ખરીદ કરવા માંગે છે આ બાબત તેઓએ અલી અસગર ને જણાવેલ હતી. ત્યારબાદ તારીખ ૪–૧૧–૨૦૦૯ ના રોજ ધીરજલાલ પરસોતમભાઈ પેઢેડીયા અમારા શો રૂમ પર આવેલ અને અલી અસગર ને મળી જણાવેલ કે તેઓ પાસ કેશ પેમેન્ટ ન હોય તેથી ચેક પર ગાડી આપશો તેવુ પુછતા અમારા સેલ્સ એકઝીકયુટીવે અલી અસગરે જણાવેલ કે તમે ચેક ની પાછળ ગુડ ફોર પેમેન્ટ લખાવી બેક મેનેજર ના સહી સીકકા કરાવી લાવો તો તમોને ગાડી ની ડીલીવરી આપી શકીશુ ત્યારબાદ ધીરજલાલ ભાઈ ત્યાંથી જતા રહેલા ત્યારબાદ તારીખ ૫–૧૧–૦૯ ના રોજ સવારે ધીરજલાલભાઈ તેમની સાથે પાન કાર્ડ, આધાર કાર્ડ, ચેક, રેશનકાર્ડ લઈ અમારા શો રૂમ પર આવેલ અને તેઓ આવી સેલ્સ એક્ઝીકયુટીવ પારૂલબેન કલોલા ને મળેલા અને કહેલ કે તેઓ અલી અસગર પાસે ગાડી જોઈ ગયેલ છે અને તેઓ ને આજે ગાડીની ડીલીવરી આપવાની છે ત્યારબાદ પારૂલબેન મારી પાસે આવેલ અને જણાવેલ કે અલી અસગર ઉર્ફ રાજભાઈ ના કસ્ટમર આવેલ છે અને તેઓને આજે ગાડીની ડીલીવરી લેવાની છે તેવુ જણાવતા મે તેઓની પાસે પ્રુફ માંગતા તેમના રૈશનકાર્ડ ની નકલ મને આપેલી મને રેશનકાર્ડ નભર ૦૯/૯૦૫:૦૦૦૦૦૪:૨૫૪૨૩૧૧૫૮૦૪ વાળુ પેઢડીયા ધીરજકુમાર પરસોતમભાઈ ના રેશનકાર્ડની ખરી નકલ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે મને ધીરજકુમાર પરસોતમભાઈ પેઢડીયાએ આપેલ તે જ છે તે રેશનકાર્ડની નકલ આ કામે રજુ દા આંક ૩૩ આપવામાં આવે છે. ધીરજકુમાર પરસોતમભાઈ પેઢડિયાએ તેઓના પાન કાર્ડ ની નકલ મને આપેલ આજરોજ મને પાનકાર્ડ નંબર ALXEP2503M ધીરજલાલ પરસોતમભાઈ પેઢડીયા ના નામનુ છે તેની ખરી નકલ બતાવામાં આવે છે જે તેઓએ મને આપેલી તે જ છે જે આ કામે રજુ દા આંક ૩૪ આપવામાં આવે છે. આ સાથે ધીરજકુમાર પરસોતમભાઈ પેઢડીયાએ અમોને ઈન્ડીયન બેક યુનિ રોડ શાખાનો એક ચેક પણ આપેલ હતો જે ચેક ના નંબર

૮૫૬૦૦૩ વાળો ચેક રૂા ૩,૯૪,૪૬૮ નો શ્રીનાથ મોટર્સ પ્રા લી અંગ્રેજીમાં લખેલો ચેક મને બતાવતા મે તે જોયેલ અને તેની પાછળ ગુડ ફોર પેમેન્ટ નો બ્લુ કલરનો સીકકો મારેલ અને તેમાં અંગ્રેજીમાં અવાચ્ય સહી હોય જેની નીચે ટી.૨૬૪ લખેલ હતુ. જે ઉપરોક્ત ત્રણેય કાગળો અમારા એકાઉન્ટ ડીપાર્ટમેન્ટમાં જમા કરાવેલ હતા. સદરહુ ચેક હાલ પોલીસ તપાસમાં પોલીસ ને સોંપી આપેલ છે. ત્યારબાદ ધીરજકુમાર પરસોતમભાઈ પેઢડીયાએ બીલ બનાવી તથા લગત ડીલીવરી કાગળોમાં સહી કરાવી સેન્ટ્રો જીએલએસ વાઈટ કલર ની ગાડી જેના એન્જીન નંબર અને ચેસીસ નંબર ફરીયાદ આપ્યાને ઘણો સમય થઈ ગયેલ હોય હાલ મને યાદ નથી. ધીરજકુમાર પરસોતમભાઈ પેઢડીયા ને બપોરના ૧૨–૩૦ કલાકે ગાડીની ડીલીવરી આપવામાં આવેલ અને તે ગેટ પાસ કઢાવી ગાડી લઈ જતો રહેલ. ત્યારબાદ અમોએ તારીખ ૯–૧૧–૨૦૦૯ ના રોજ ધીરજલાલ આપેલ ચેક અમારી કંપનીની બેક કોટક મહેન્દ્રા બેક માં ડીપોજીટ કરાવેલ તેથી શનિવાર રાતના ૮–૩૦ કલાકે મેસેજ મળેલ કે ચેક બાઉન્સ થયેલ છે અને ત્યારબાદ તારીખ ૧૦–૧૧–૦૯ ના સોમવાર ના રોજ અમારા સેલ્સમેને ધીરજકુમાર પરસોતમભાઈ પેઢડીયા ને ફોન કરેલ અને તેમને પેમેન્ટ માટે ગલ્લા તલ્લા કરેલ આજરોજ મને કોટક મહેન્દ્રા બેક લી. ની તારીખ ૦૯–૧૧–૦૯ ના રોજ ની ચેક રીર્ટન ની એડવાઈઝ બતાવવામાં આવે છે ફંડ ઈસ્ફીસીઅન્ટ ના શેરા સાથે પરત આવેલ જે રજુ દા આંક ૨૫ આપવામાં આવે છે. ત્યારબાદ અમારા વાઈઝ પ્રેસીડન્ટ મુકેશ ભાર્ગવ સાથે ઈન્ડીયન બેક યુનિ રોડ બ્રાંચ પર ગયેલા. ત્યાં પણ જે ડોક્યુમેન્ટ અમોને આપવામાં આવેલ હતા તે ડોકયુમેન્ટ તેમની પાસે હતા. પંરતુ ધીરજલાલે અમોને આપેલ ચેકની પાછળ જે ગુડ ફોર પેમેન્ટ નો શેરો અમારી બેક ધ્વારા કરવામાં આવેલ નથી. ધીરજલાલ પેઢડીયા અમારા શો રૂમ પણ મયુરભાઈ વાઘેલા ના કાકાના રેફરન્સ થી આવેલા હતા જેથી અમો મયુરભાઈ તેઓના કાકા ને મળવા ગયેલા અને સાથે ધીરજલાલે આપેલા ડોકયુમેન્ટ બતાવતા

તેમના કાકા એ જણાવેલ કે આ વ્યકિત ધીરજલાલ પેઢડીયા નહી પંરતુ વિમલ મનસુખભાઈ રાજાણી છે. ત્યારબાદ તેઓએ વિમલભાઈ ના રહેણાંક નુ સરનામું આપેલ જે ચંદ્રપાકે જે બીગબજાર પાછળ આવેલ છે તે સરનામે જતા ત્યા વિમલભાઈ મળી આવેલ નહી. પંરતુ તેમના પત્નિ એ વિમલભાઈ નો પરીવાર સાથેનો ફોટો આપેલ. જે ફોટો અમોએ પોલીસ પેપર્સમાં આપેલો. અમારી પેઢીમાં ખોટા નામે આવેલ ધીરજલાલ પેઢડીયા એ જ વિમલભાઈ રાજાણી હતા અને તેઓએ ધીરજલાલ પરસોતમભાઈ પેઢડીયા રહે રાજદીપ સોસાયટી એચ જે સ્ટીલ ની શેરી રાજકોટ વાળા નુ રાસનકાર્ડ તથા પાનકાર્ડ મેળવી પાનકાર્ડ પર પોતાનો ફોટો લગાડી બોગસ પાન કાર્ડ ઉભુ કરેલ અને ઈન્ડીયન બેક યુનિ રોડ પર ખાતુ ખોલાવેલ અને ચેક બુક માં ગુડ ફોર પેમેન્ટ નો ખોટો સીકકો મારી બેક મેનેજર ની ખોટી સહી કરી અમને વિશ્વાસમાં લઈ અમારી કંપનીમાંથી સેન્ટ્રો કાર જેની કીમત ૩,૯૪,૪૬૮ ની ડીલીવરી મેળવી લઈ અમારી સાથે વિશ્વાસઘાત કરેલ છે તથા ખોટા દસ્તાવેજોનો સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરી અમારી સાથે ઠગાઈ કરેલ હોય જેના વિરૂધ્ધ અમે પોલીસમાં ફરીયાદ આપેલ.

અગાઉ મે નામદાર કોર્ટ સમક્ષ મારી જે તે વખતની ફરીયાદ મુજબની હકીકત જણાવેલ હતી બનાવ સમયે હું શ્રીનાથ મોટર્સ પ્રા.લી. માં સેલ્સ મેનેજર તરીકે ફરજ બજાવતો હોઉ જે હોદાની રુએ મે આ કંપની સાથે થયેલ છેતરપીંડી બાબતે ફરીયાદ આપેલ હતી. આ કંપનીના માલીક તેમજ કર્તાહર્તા ઉદયભાઈ કચારીયા હતા જેઓ હાલ મુંબઈ સ્થાયી છે હાલના બનાવ બાદ થોડા સમય પછી આ શોરુમ તેમના માલીક દ્રારા રાજકોટ ખાતે થી સને ૨૦૧૫ માં બંધ કરી દેવામાં આવેલ હતો.**મારી જાણ મુજબ હાલના બનાવમાં આરોપી દ્રારા કરવામાં આવેલ છેતરપીંડી વાળી રકમ જમા થઈ ગયેલ હતી અને તે રકમ બાબતે કોઈ આક્ષેપો આરોપી સામે રહેતા નથી.કંપનીના સંચાલક સાથે વાત થયા મુજબ હાલની ફરીયાદ વાળો કેસ**

**અમો આગળ ચલાવવા માંગતા નથી કે વધુ કોઈ સાહેદ પુરાવા રજુ રાખવા માંગતા નથી** મને આંક ૪૧ વાળી ફરીયાદ બતાવવામા આવે છે જે મારા દ્વારા કરવામા આવેલ હતી જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ તેમજ આ ફરીયાદ સાથેના રજુ દસ્તાવેજો કોર્ટના રેકર્ડમાંથી મને બતાવવામાં આવે છે જે જેતે વખતે મારા દ્વારા પોલીસને આપવામાં આવેલ હતા પરંતુ **હાલ આરોપી સામેનો કેસ અમો ફરીયાદી આગળ ચલાવવા માંગતા ન હોય આ દસ્તાવેજો બાબતે કોઈ તકરાર રહેતી નથી.**

**૧૦.** ફરિયાદપક્ષે આંક–૩૯ થી સાહેદ જીતેન્દ્ર લાલજીભાઈ રાઠોડ સોગંદ પર જુબાનીમા જણાવે છે કે, હું મયુર રમણિકભાઈ વાઘેલાનું ઓળખુ છુ તે અમારા દુરના સગા થાય છે. હું આ કામના ફરીયાદી નિલેષ અશ્વિનભાઈ દવેને ઓળખતો નથી. હું વિમલભાઈ મનસુખભાઈને ઓળખુ છુ.વિમલભાઈ મારી દુકાન કે જે વાળંદ કામની છે અને એસ્ટ્રોન સોસાયટીમાં આવેલ છે ત્યા વાળ કપાવવા આવતા હોય જેથી ઓળખુ છુ. એક વખત મયુરભાઈ મારી દુકાને આવેલ અને મને વિમલભાઈને પાનકાર્ડ બાબતે પુછેલ અને મે વિમલભાઈ બાબતે મયુરભાઈ ને જણાવેલ હતુ અને આ વિમલભાઈના ભાઈ ભાસ્કરભાઈની પ્લાયવુડની કેનાલ રોડ પર દુકાન આવેલ હતી.અગાઉ વિમલભાઈ તથા તેના ભાઈઓ કરણ પાર્કમા સાથે રહેતા હતા પરંતુ મકાન વેચી દેતા પછી વિમલભાઈ ક્યા જતા રહેલ તેની મને ખબર નથી. **તે સિવાય બનાવ વિશે મને વિશેષ કોઈ માહીતી નથી.** સીઆરપીસી ૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમા પુરાવો નોંધવામા આવેલ છે.

**૧૧.** ફરિયાદપક્ષે આંક–૪૦ થી સાહેદ મયુરભાઇ રમણીકભાઇ વાઘેલા સોગંદ પર જુબાનીમા જણાવે છે કે, ૨૦૦૯ માં હુ રાજકોટ ખાતે ગોંડલ રોડ પર આવેલ શ્રી નાથ મોટર્સ પ્રા.લી. માં હ્યુન્ડાઈ કંપનીની કારના શો રુમમા સેલ્સ ટીમ લીડર તરીકે નોકરી કરતો હતો.તે વખતે સેલ્સ મેનેજર તરીકે નિલેષભાઈ દવે હતા.તારીખ ૦૩/૧૧/૨૦૦૯ ના રોજ અમારા શો રુમ

પર એક વ્યક્તી પોતાનુ નામ ધીરજ પેઢડીયા નામથી ઓળખ આપી અમારા શો રુમ એ સેન્ટ્રો કાર જોવા માટે આવેલ હતા. તે વખતે તેઓ કાર જોઈને જતા રહેલ અને બીજા દિવસે તેઓએ અમારા સેલ્સ એક્ઝીક્યુટીવ અલી અઝગર ઉર્ફે રાજ નાઓને ઈન્ડીયન બેંકનો એક ચેક આશરે રૂ.૩૯૪૦૦૦/–નો શ્રીનાથ મોટર્સ પ્રા.લી.ના નામનો લખી આપનાર તરીકે ધીરજ પેઢડીયા ના નામથી આપેલ હતો. જે ચેક સેન્ટો કાર ની ખરીદીના પેમેન્ટ પેટે નો હતો જે ચેક લઈ અમારા શો રૂમ ઘ્વારા આ વ્યકિતને અમારા સ્ટાફ પારૂલ કલોલા ઘ્વારા વાહનની ડીલીવરી આપવામાં આવેલ હતી. બાદ અમે આ ચેક વટાવવા માટે બેંક મા રજુ કરતા આ ચેક કલીયર થયા વગર પરત ફરેલ હતો .જેથી આ વ્યકિત કે જે ધીરજલાલ પેઢાણીયાના નામથી આવેલ હતો તે વ્યકિત મારા કાકાની દુકાને અગાઉ આવતો જતો હોય જેથી હુ જોયેથી ઓળખતો હતો. જેથી અમે તે વ્યકિત બાબતે તપાસ કરવા મારા કાકાની દુકાને ગયેલ અને મારા કાકાને આ વ્યકિતએ અમને આપેલ પાન કાર્ડ અને ચુટણી કાર્ડની નકલ બતાવતા તેઓએ કહેલ કે ફોટા વાળી વ્યકિત ધીરજલાલ નથી પરંતુ વીમલ રાજાણી છે. અને કહેલ કે તેના ભાઈની દુકાન કેનાલ રોડ પર ગાયતી પ્લાયવુડના નામથી આવેલ છે.ત્યારબાદ અમો તે દુકાને તપાસ કરવા ગયેલ ત્યારે તેના ભાઈએ જણાવેલ કે આ મારો ભાઈ વિમલ ચંદપાર્ક ૧ ૫૦ ફુટ રીંગ રોડ પર રહે છે. જેથી અમે ત્યા પણ તપાસ કરવા ગયેલ. જયા અમોએ ઘરમા તેમનો ફેમેલી ફોટો જોયેલ અને તેમના પત્નિ હાજર હતા. તેઓએ જણાવેલ કે તેમના પતિ વણ ચાર દિવસથી આ રીતે ખોટો ચેક આપેલ હોય તેના લીધે ફરાર છે અને તેઓએ અમારી હાજરીમા તેમના કોઈ સગાને ફોન કરી જણાવેલ કે વિમલે અગાઉની જેમ ફરીથી કોઈની સાથે ખોટો ચેક આપી વ્યવહાર કરેલ છે. જેથી આ વ્યકિતએ આ રીતે ખોટુ નામ ધારણ કરી ખોટો ચેક આપેલ હોય અમારા સેલ્સમેન નીલેશભાઈ દવેએ વિગતવાર પોલીસમા ફરીયાદ આપેલ હતી. મને નીલેશભાઈ ઘ્વારા આપવામા આવેલ અસલ

ફરીયાદ બતાવવામા આવે છે જેમા નીલેશભાઈની સહી છે જે મારા સહકર્મચારી હોય તેમની સહી હું ઓળખુ છુ જે ફરીયાદ રજુ દા. આંક–૪૧ આપવામા આવે છે. મને મુદામાલ પાવતી નં.૨૮૫/૦૯ આર્ટીકલ નં. ૧ વાળો એક ફ્રેમેલી ફોટો બતાવવામા આવે છે જે મે આરોપીના ઘરે જોયેલ હતો તે જ છે. જે ફોટો અને તેમાના પુરુષ વ્યકિતને ઓળખી બતાવુ છુ જે ફોટો રજુ દા.આંક–૪૨ આપવામાં આવે છે. મને મુદામાલ પાવતી નં.૨૮૫/૦૯ આર્ટીકલ નં. વાળો એક ચેક બતાવવામા આવે છે જે આરોપીએ પોતાનુ નામ ડી.પી.પેઢલીયા જણાવી તે નામની સહી કરી અમારી પેઢી જોગ આપેલ હતો તે જ છે જે ચેક નં.૮૫૬૦૦૩ વાળો ઈન્ડીયન બેંકનો ચેક ઓળખી બતાવુ છે જે રજુ દા. આંક–૪૩ આપવામા આવે છે. મને મુદામાલ પાવતી નં.૨૮૫/૦૯ આર્ટીકલ નં.૩ વાળુ આરોપી ધ્વારા અમારા શો રૂમ ખાતે પોતાની સહી કરી પેઢલીયા ધીરજલાલ પી. ના નામનુ પાનકાર્ડ ની નકલ આપવામાં આવેલ જે ઓળખી બતાવુ છુ. જે રજુ દા.આંક–૪૪ આપવામાં આવે છે. મને મુદામાલ પાવતી નં.૨૮૫/૦૯ આર્ટીકલ નં. ૪ વાળુ આરોપી ધ્વારા અમારા શો રૂમ ખાતે પોતાની સહી કરી પેઢલીયા ધીરજલાલ પી. ના નામનુ રેશનકાર્ડ ની નકલ આપવામા આવેલ જે ઓળખી બતાવુ છુ. જે રજુ દા.આંક–૪૫ આપવામાં આવે છે.મને મુદામાલ પાવતી નં.૨૮૫/૦૯ આર્ટીકલ નં.૫ વાળુ અમારા શો રૂમનો કીલેવરી રીપોર્ટ તથા ગેઈટ પાસ મા આરોપીએ પોતાની સહી કરી આપેલ જે ઓળખી બતાવુ છુ. જે રજુ દા. આંક–૪૬ આપવામા આવે છે. મને મુદામાલ પાવતી નં.૩૩૦/૦૯ આર્ટીકલ નં. ૧ વાળો આરોપી ધ્વારા અમારા શો રૂમ ના મેને જોગ લખવામા આવેલ પવ પોલીસે કબજે લીધેલ તે બતાવવામા આવે છે જે ઓળખી બતાવું છે.જે આંક–૪૭ આપવામાં આવે છે. મને અમારા શો રૂમનુ તા.૫/૧૧/૦૯ નુ ઓર્ડર બુકીંગ ફોર્મ બતાવવામા આવે છે જેમા આરોપીએ પોતાની સહી કરી આપેલ અને અમારા સેલ્સ કન્સલટન્ટ ની સહી છે જેમા આરોપીની સહીને માર્ક ડી–૪

આપવામા આવેલ છે જે ઓળખી બતાવુ છુ. જે આંક ૪૮ આપવામા આવે છે. મને અમારા શો રૂમનુ તા.૫/૧૧/૦૯ નુ ટેકસ ઈનવોઈઝ બતાવવામા આવે છે જેમા આરોપીએ પોતાની સહી કરી આપેલ અને અમારા ઓથોરાઈઝ વ્યકિત નીલેશ દવે ની સહી છે જેમા આરોપીની સહીને માર્ક ડી–૫ આપવામા આવેલ છે જે ઓળખી બતાવુ છુ. જે આંક ૪૯ આપવામા આવે છે. મને આરોપીએ ખરીદ કરેલ સેન્ટ્રો કારની ન્યુ ઈન્ડીયા ઈન્સયોરન્સની પોલીસી બતાવવામા આવે છે અમારા શોરૂમ મારફત લેવામા આવેલ હોય છે જે ઓળખી બતાવુ છુ.જે આંક ૫૦ આપવામા આવે છે. મને અમારા શો રૂમના ઉપરોકત વાહન સેન્ટો કારના ખરીદી અંગેના ઓર્ડર ડીસ્કાઉન્ટ ફોર્મ, ચેક રીસી પ્ટ, આર.ટી.ઓ.નો સેલ લેટર, ડેબીટ નોટ વિગેરે કાગળો બતાવવામા આવે છે જે અમારા શો રૂમના હોવાનું હું ઓળખી બતાવુ છુ. જે કુલ કાગળ – ૪ ને સંયુકત આંક ૫૧ આપવામા આવે છે. ઉપરોકત વિગતે આરોપીએ ખોટુ નામ ધારણ કરી પોતાની ખોટા નામવાળી સહીઓ કરી અમારા શોરૂમ ખાતેથી વાહનની ખરીદી પેટે ખોટા નામ અને ખોટી સહી વાળો ચેક આપી વાહન ખરીદ કરી ચેક મુજબના નાણા ખાતામા જમા ન રાખી અમારા શો રૂમ સાથે છેતરપીંડી કરેલ હોય તે અંગેને ફરીયાદ મુજબના ગુના અન્વયે પોલીસે મારી પુછપરછ કરેલ હતી. જે તે વખતે મે આરોપીને જોયેલ હતો. જેને જોયે થી ઓળખી શકુ આરોપી કોર્ટમા હાજર નથી.મને કોર્ટ ફાઈલ માથી આરોપી વિમલ મનસુખ ભાઈ રામાણીનો ફોટો બતાવવામા આવે છે જેઓએ ઉપર મુજબ ખોટા નામ વડે અમારી સાથે છેતરપીંડી કરેલ તે જ છે તેને ઓખળી બતાવુ છુ. સીઆરપીસી ૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમા પુરાવો નોંધવામા આવેલ છે.

**૧૨.** ફરિયાદપક્ષે આંક–૫ર થી બેન્ક સાહેદ યોગેશભાઈ કેશવભાઈ બરવાડીયા સોગંદ પર જુબાનીમા જણાવે છે કે, હુ તા.૧/૫/૨૫ થી ઉપરોકત બ્રાન્ચમા ફરજ બજાવુ છુ. મને કોર્ટ ફાઈલમાથી

તા.૨૦/૧૧/૨૦૦૯ ની રાજકોટ તા.પો.ધ્વારા અમારી બેંકની યાજ્ઞીક રોડ બ્રાન્ચ જોગ લખાયેલ એક પત્ર બતાવવામા આવે છે. જેમા અમારી બેંકનો સીકકો છે જે ઓળખી બતાવુ છુ જે યાદી ૫૩ આપવામા આવે છે. તેમજ મને તા.૨૦/૧૧/૨૦૦૯ ના અમારી બેંક ધ્વારા લખાયેલ એક પત કે જે પી.એસ.આઈ જી.જે.ઝાલા જોગ લખાયેલ છે તે બતાવવામાં આવે છે તેમા પણ અમારી બેંકનો સીકકો હોવાનું ઓળખી બતાવું છુ. જે આંક ૫૪ આપવામાં આવે છે. મને આંક – ૩૫ વાળા અમારી બેંકના શ્રીનાથ મોટર્સ પ્રા.લી. જોગ આપવામા આવેલ ચેક રીટર્ન મેમો બતાવવામાં આવે છે જેમા પણ અમારી બેંક નો સીકકો છે જે ઓળખી બતાવુ છુ. મને મુદામાલ પાવતી નં.૩૩૪/૨૦૦૯ આર્ટીકલ નં.૧ વાળી સળગેલી હાલતમા કોરી સ્લીપો ના કટકા બતાવવામા આવે છે જે પ્રાથમીક રીતે અમારી બેંકની સ્લીપોના હોવાનુ જણાવી શકુ. જે કટકાઓને રજુ દા.આંક ૫૫ આપવામા આવે છે. ઉપરોકત હકીકત હુ મારા હોદાની રૂએ તેમજ દસ્તાવેજો આધારે જણાવુ છુ તે સિવાય **હાલના બનાવ બાબતે કે કેસ બાબતે મને કોઈ અંગત માહીતી નથી. સીઆરપીસી ૨૯૯નો હુકમ હોય ઉલટ તપાસ નથી.**

**૧૩. આરોપી સામે ફરમાવેલ તહોમત અનુસંધાને કાયદાની જોગવાઈ જોવામા આવે તો તે નીચે મુજબ છે.**

**ઈ.પી.કોડ કલમ–૪૦૬ :– ગુનાહિત વિશ્વાસઘાત માટે સજા.**

કોઈપણ વ્યકિત, ગુન્હાહિત વિશ્વાસઘાત કરે તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવે છે.

**તત્વો :–**

૧.આરોપીને કોઈ મીલકત સોપવામાં આવી હોય.

૨. આરોપીનો તે મીલકત પર તે મુજબ અધિકાર હતો.

૩.આરોપીએ તે મીલકતની ઉચાપત કરી અથવા તેને પોતાના ઉપયોગ માં લીધી અથવા અન્ય વ્યકિતને તેના ઉપયોગમાં જાણીબુજીને લેવા દીધી.

૪.આરોપીએ આવું કૃત્ય અપ્રમાણીકપણે કર્યુ.

૫.આરોપીએ આવુ કૃત્ય અમલ કરવાની પધ્ધતિ દર્શાવતા કાનુની આદેશ વિરૂધ્ધ કર્યુ અથવા કોઈ ટ્રસ્ટની મીલકત હોય ત્યારે તે મીલકતને લગતા સ્પષ્ટ અથવા કોઈ ગર્ભીત કાનુની કરારના આદેશનું ઉલ્લંઘન કરીને આરોપીએ આવું કૃત્ય કર્યુ.

**કલમ–૪૧૯ ખોટા નામે ઠગાઈ કરવા માટે શિક્ષા:–**

જે કોઈ વ્યકિત ખોટી નામે ઠગાઈ કરે, તેને ત્રણ વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામા આવશે.

**ઈ.પી.કોડ કલમ–૪૨૦ :– ઠગાઈ અથવા અપ્રમાણિકપણે મિલકત સોંપવા લાલચ આપવી.**

કોઈ પણ વ્યક્તિ, ઠગાઈ કરે તથા તેમ કરીને કોઈને મિલકત આપી દેવા અથવા કોઈ કીમતી જામિનગીરી અથવા સહી કે સિક્કો કરેલી તથા કીમતી જામિનગીરીમાં પરિવર્તીત કરી શકાય તેવી કોઈ વસ્તુ સંપૂર્ણ અથવા આંશિક કરી આપવા, તેમાં ફેરફાર કરવા અથવા તેનો નાશ કરવા માટે છેતરાયેલ વ્યક્તિને અપ્રમાણિકપણે લલચાવે તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે

તથા તે દંડને પાત્ર પણ થશે.

૩. તત્વો :– આ કલમનાં તત્વો નીચે મુજબ છે.

:૧: આરોપીએ ફરિયાદી સાથે ઠગાઈ કરી,

:૨: આરોપીએ આવું કૃત્ય અપ્રમાણિકપણે કર્યું,

:૩: આરોપીએ અપ્રમાણિકપણે છેતરાયેલ વ્યક્તિને લલચાવીને કોઈ મિલ્કત આપી દેવા અથવા કોઈ કીંમતી જામિનગીરી અથવા સહી કે સિક્કો કરેલી ચીજ જેને કીમતી જામિનગીરીમાં પરિવર્તીત કરી શકાય તેવી વસ્તુ સંપૂર્ણપણે અથવા આંશિક રીતે આપી દેવા માટે ઠગાઈ કરી,

: ૪: અથવા આરોપીએ તેમાં ફેરફાર કરવા અથવા તેનો નાશ કરવા માટે છેતરાયેલ વ્યકિતને અપ્રમાણિકપણે લલચાવી,

**કલમ–૪૬૩ : ખોટો દસ્તાવેજ બનાવવાનો ગુનો :–**

જે કોઈ વ્યક્તિ, લોકોને અથવા કોઈ વ્યક્તિને નુકસાન કરવાના અથવા હાનિ પહોંચાડવાના અથવા કોઈ દાવા કે હકનું સમર્થન કરવાના અથવા કોઈ વ્યક્તિ કંઈ મિલકત આપી દે એવું કરવાના અથવા તેની પાસે કોઈ સ્પષ્ટ કે ગર્ભિત કરાર કરાવવાના ઈરાદાથી અથવા કપટ કરવાના અથવા કપટ કરવામાં આવે તેવા ઈરાદાથી કોઈ ખોટો દસ્તાવેજ અથવા ખોટું ઈલેક્ટ્રોનીક રેકર્ડ અથવા દસ્તાવેજનો કોઈ ભાગ બનાવેઝ તે ખોટો દસ્તાવેજ બનાવવાનો ગુનો કરે છે.

**કલમ–૪૬૪ : ખોટો દરસ્તાવેજ બનાવવો :–**

કોઈ વ્યક્તિ ખોટો દસ્તાવેજ અથવા ખોટો ઈલેક્ટ્રોનીક રેકર્ડ બનાવેલ

હોવાનું કહેવાય – પ્રથમ, – જે વ્યક્તિ,જે કોઈ વ્યક્તિ– કોઈપણ દસ્તાવેજ અથવા કોઈપણનો કોઈ ભાગ, ઈલેક્ટ્રોનીક રેકર્ડ અથવા ડિજિટલ સહી, જે વ્યક્તિએ અથવા તે વ્યક્તિઓના અધિકારથી બનાવ્યો નથી, તેના ઉપર સહી કરી નથી અથવા ડિજિટલ સહી કરી નથી, એવું પોતે જાણતી હોય તે વ્યક્તિએ અથવા તે વ્યક્તિના અધિકારથી તે બનાવ્યો છે, તેના ઉપર સહી કરી છે, તેના ઉપર સિક્કો કર્યો છે તે કરી આપ્યો છે અથવા ચોંટાડી હતી એમ માનવાના ઈરાદાથી બદદાનતથી અથવા કપટપૂર્વક–

(એ) તે દસ્તાવેજ અથવા તે દસ્તાવેજનો ભાગ બનાવે, તેમાં સહી કરે, તેના ઉપર સિક્કો મારે અથવા તે કરી આપે.

(બી) કોઈપણ ઈલેક્ટ્રોનીક રેકર્ડ અથવા ઈલેક્ટ્રોનીક રેકર્ડના કોઈપણ ભાગ બનાવે અથવા મોકલે;

(સી) કોઈપણ ઈલેક્ટ્રોનીક રેકર્ડ ઉપર કોઈપણ ડિજિટલ સહી લગાડે;

(ડી) દસ્તાવેજ કરી આપવાની અથવા ડિજિટલ સહીની અધિકૃતી દર્શાવતી કોઈ નિશાની કરે, અથવા

૧૪. આ કામે આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો અનુસાર આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તેમજ  ક્રિમિનલ જસ્ટીસ ડીલીવરી સીસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામે મુકવામાં આવેલ આક્ષેપ રીઝનેબલ ડાઉટ યોગ્ય પુરાવો રજુ કરીને તે પુરવાર કરવાના હોય છે. ટૂંકમાં આરોપીઓ દોષિત છે, તેવું પુરતો અને વિશ્ર્વાસનીય પુરાવો રજુ

કરી પુરવાર કરવાનું હોય છે. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ, આરોપીઓ દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ એકાદી કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચૂકે તો તેવી સ્થીતીનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય અને તે સંજોગોમાં આરોપીઓ દોષમુકત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે. આ પૂર્વભુમિકાના સંદર્ભે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરીને આ કામના આરોપીઓ દવારા ફરીયાદ હકીકત મુજબનો જે આક્ષેપ ફરીયાદપક્ષે કરેલ છે, તે નિ:શંકપણે ફરીયાદપક્ષ પુરવાર કરી શકે છે કે કેમ ? તે અંગેનો નિર્ણય કરવાનો રહે છે.

તદઉપરાંત, નામ. સર્વોચ્ચ અદાલતે તેમના ઘણા જજમેન્ટોમાં પ્રસ્થાપિત કરેલ છે કે, "Prosecution has to establish case on its own legs. weakness of defense can not be used as circumstances in favor of prosecution." તેમજ પુરાવાના કાયદાની કલમ–૧૦૧ ની જોગવાઈ જોવામા આવે તો '' જે એમ ઈચ્છતો હોઈ કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબીતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ કાયદેસરના હક અથવા જવાબદારી વિષે કોઈ બીજું ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબીત કરવ`પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે. કોઈ વ્યકિત, કોઈ હકીકતનું અસ્તિત્વ સાબીત કરવા બં ધાયેલી હોય, ત્યારે સાબીતીનો બોજો તે વ્યકિત ઉપર છે એમ કહેવાય.'' તે પ્રમાણે તેમજ પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે પણ જે પક્ષકાર ઉપર સાબીતીનો બોજો હોય તેણે સફળ થવા માટે પ્રથમદર્શનીય

કેસ સાબીત કરવો જોઈએ તેમ કરવામાં નિષ્ફળ જાય તો તેઓ પ્રતિસ્પર્ધીના કેસની નબળાઈનો લાભ ઉઠાવી શકતો નથી. તેણે તેના પોતાના હકકના આધારે સફળ થવું જોઈએ અને પોતાનાની સ્પષ્ટ સાબીતી આપવી જોઈએ.

**-: પુરાવાનુ મુલ્યાંકન :-**

**૧૫.** આ કામે રજુ થયેલ પુરાવાની હકીકતો જોવામાં આવે તો હાલના કામે આરોપી સામે ફરિયાદ નોંધાવનાર ફરિયાદી નિલેશભાઈ દવે કે જેઓ એ આરોપી સામે હાલના ગુનાની ફરિયાદ નોંધાવેલ છે તેમનો પુરાવો આંક -૩૨ થી રજુ થયેલ છે અને તેમના પુરાવામાં આંક-૪૧ વાળી ફરિયાદ રજુ થયેલ છે પરંતુ ફરિયાદીની તા.૧૭/૩/૨૬ ના રોજ નોંધવામા આવેલ જુબાની પુરાવો જોવામા આવે તો આરોપીએ ફરિયાદ વાળી રકમ જમા કરાવી દીધેલ છે અને તેમની સાથે છેતરપીંડી કે વિશ્વાસઘાત આરોપીએ કરેલ હોય તેનો ઈન્કાર કરેલ છે તેમજ રકમ બાબતે હવે આરોપી સાથે તકરાર રહેતી નથી તેમજ આરોપી સામેનો કેસ આગળ ચલાવવા માંગતા નથી કે વધુ સાહેદો તપાસવા માંગતા નથી તેમ જણાવે છે. આમ, હાલના કામે ફરિયાદપક્ષે રજુ થયેલા તમામ મૌખીક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા તથા ફરિયાદપક્ષે તપાસવામા આવેલ સાહેદોની આરોપી તરફે વિ. વકીલશ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસ તેમજ ફરિયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી તેમજ આરોપી તરફે વિ. વકીલશ્રીની દલીલો તેમજ આ કામે આરોપી સામે ફરમાવેલ તહોમત તેમજ તહોમત અનુસંધાને કાયદાકીય જોગવાઈઓ તેમજ નામદાર વડી અદાલત થા સર્વોચ્ચ અદાલતે તેમના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો તેમજ આ કામે રજુ

થયેલ સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા  તથા થયેલ તમામ મૌખીક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો જોતા ફરિયાદપક્ષે  આરોપી સામેનો તહોમત મુજબનો કેસ અને આક્ષેપીત ગુનાના આવશ્યક તત્વો જુબાની જોતા પરીપૂર્ણ થતા નથી તે સંજોગોમા ફરિયાદપક્ષ આરોપી સામેનો તહોમત મુજબનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નંબર–૧ "નકારમાં" નિર્ણિત કરી મુદ્દા નંબર–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૪૮(૧) અન્વયે ઈ. પી. કોડ કલમ–૪૦૬, ૪૧૯, ૪૨૦, ૧૨૦બી, ૪૬૭,૪૬૮, ૪૭૦, ૪૭૧ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામના આરોપીના અગાઉના જામીન અપીલ સમય સુધી રાખવામાં આવે છે.

ચૂકાદો આજ તા.૧૫, માહે જૂન સને ૨૦૨૬  નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી  સંભળાવી જાહેર કર્યો.

તા.૧૫–૦૬–૨૦૨૬
સ્થળ:– રાજકોટ

**(સોહેલ અનવર મીયા શેખ)**
૨૦ માં એડી. ચીફ જયુડી. મેજી.
**(GJ 0 1340)**